

વિધાનસભા ભાજપની બેઠક - મંગળવારે સાંજે વિધાનસભા ભવન ખાતે ભાજપના ધારાસભ્યોની મહત્વની બેઠક યોજાઈ હતી... જેમાં તાઉતે વાવાઝોડા દરમિયાન સરકારની કામગીરી તથા કોવીડની સંભવિત ત્રીજી લહેર સંદર્ભે રાજ્ય સરકારે કરેલી તૈયારીઓનું પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું... પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા... જોકે ચર્ચાની વિગતો મોડીરાત સુધી માધ્યમો સુધી પહોંચી ન હતી...

# શહેરમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી

## પ્રિમોન્સુન એક્ટિવીટી સાથે શહેરમાં સતત મોસમનો નઝારો રોજ બદલાય છે : સાંજે વાદળિયુ વાતાવરણ : બફારો યથાવત

ગાંધીનગર તા ૧૫

વરસાદી મોસમ નજીકમાં છે. ત્યારે પ્રિમોન્સુન એક્ટિવીટી સાથે શહેરમાં સતત મોસમનો નઝારો રોજ બદલાય છે. આજે ગરમીનો પારો પણ ઉંચકાતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે દિવસના અંતે થોડીવાર માટે વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. આકરા તાપ વચ્ચે ઉકળાટ અનુભવતા નગરજનો હવે વહેલા મેઘરાજાની પધરામણી થાય તે માટે આતુર બન્યા છે. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીની નીચે રહેતા નગરજનોએ આકરા તાપમાં રાહત અનુભવી હતી. છેલ્લા ઘણાં સમયથી વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે મહત્તમ તાપમાનમાં વધઘટ જોવા મળે છે. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધતા નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા છે. આજે પણ ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો. દિવસના આકરા તાપ સાથે વાતાવરણમાં બફારો પ્રવર્તયો હતો. છેલ્લા કેટલાક દિવસોથી મોસમનો મિજાજ રોજબરોજ બદલાતો રહે છે. વરસાદી દિવસો નજીકમાં હોવાથી પ્રિમોન્સુન એક્ટિવીટીના લીધે પણ મોસમમાં બદલાવ જોવા મળે છે. આ વખતે ગરમીની મોસમમાં વારંવાર નાટયાત્મક પલ્ટો આવતા વરસાદી વાયરાથી હવામાનમાં સતત ફેરફાર થતો નજરે પડે છે. આજે પણ દિવસ દરમિયાન અસહ્ય ગરમીના અંતે સાંજના સમયે વાદળિયા વાતાવરણની અસરથી મોસમનો મિજાજ બદલાયો હતો. દિવસ દરમિયાન આકરા તાપના લીધે ધોમધખતા ઉનાળા જેવી ગરમીનો અહેસાસ પણ શહેરીજનોએ કર્યો હતો. એકબાજુ વધતા ઉકળાટ વચ્ચે ગરમીનો પારો પણ સતત ચઢ ઉતર કરી રહ્યો છે. જેના લીધે આકરી ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા છે. ત્યારે હવે વરસાદ ઝડપથી વરસે તેવી આશ સાથે નગરજનો મેહુલિયાની મહેર થાય અને ભીંજાવાની મજા માંણવા આતુર બન્યા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૯. ૨ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે ૬૯ ટકા રહ્યુ હતુ. વહેલી સવારે પણ હળવી ઠંડકના અંતે સુરજ નિકળતા વાતાવરણમાં તુરંત જ બફારો પ્રવર્તે છે.

# તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન સામેની અવિશ્વાસની દરખાસ્ત પાછી ખેંચાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન સામે રજુ થયેલી અવિશ્વાસની દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી છે.

કોંગ્રેસના આગેવાનોની દરમ્યાનગીરીથી આખો મામલો થાળે પડી ગયાની વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે. કોંગ્રેસ હસ્તકની સત્તા ધરાવતી તા.પં.માં જે જૂથબંધી બહાર આવી હતી તોને લઈ મામલો અવિશ્વાસની દરખાસ્ત સુધી પહોંચ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ચેરમેને પણ સૂચવેલા કામો રૂ. ૧ કરોડથી વધુ રકમના ખર્ચવાળા હાલ સ્થગિત કરવા માટેનો પત્ર તાલુકા વિકાસ અધિકારીને આપ્યો છે.

૧લી જૂનો તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ૯ સભ્યોમાંથી ૬ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ચેરમેન સામે રજુ કરી દેતાં રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. જો કે આ પછી આ મામલો પ્રદેશ પ્રમુખ સુધી પહોંચ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે સ્થાનિક નેતાઓને સાથે રાખી બન્ને પક્ષોની રજુઆત સાંભળી અને એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે આગામી દિવસોમાં પ્રમુખ, ચેરમેન બન્ને સાથે મળી કોંગ્રેસના સભ્યોના ૧૨-૧૨ લાખની મર્યાદામાં કામો માટે ફાળવી અનો સર્વાનુમતે વિકાસના કામો હાથ ધરશે.

# જિલ્લામાં ૧૯-૨૦ જૂને હળવા વરસાદની સંભાવના

ગાંધીનગર, તા. ૧૫

આગામી ૧૯ અને ૨૦ જુને જિલ્લામાં હળવો વરસાદ થવાની સંભાવનાઓ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટિનના અંક નં. ૨૨ માં વ્યક્ત કરવામાં આવી છે.

૨૦ જુન સુધીના પાંચ દિવસની આગાહી કરતા આ બુલેટિનમાં જણાવવામાં આવ્યુ છે. આગામી પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે. ૧૯ અને ૨૦ જુને હળવા વરસાદની શક્યતા છે. તાપમાનને લઈ કરેલા પૂર્વાનુમાનમાં જણાવવામાં આવ્યુ છે કે મહત્તમ તાપમાન ૩૭ થી ૪૦ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ થી ૨૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૮ થી ૬૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૪ થી ૨૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતા આ બુલેટિનમાં જણાવવામાં આવ્યુ છે કે ચોમાસુ પાકોની વાવણી પહેલા ખેતરમાંથી જમીનના તત્વો અને પાણીના ભલામણ મુજબની પદ્ધતિથી નમુના લઈ ચકાસણી કરાવવી. આગામી ચોમાસામાં પાક વાવેતર માટે ખેત આયોજન કરી અને તેના અનુરૂપ સુધારેલા હાઈબ્રીડ જાતોનું બિયારણ ખાતર અને દવાનો પુરવઠો પણ સમયસર મેળવી લેવો.

દરમ્યાન ચોમાસાને લઈને ગુજરાતમાં ચિંતાજનક સમાચાર આવી રહ્યા છે. ૯મી જુને દ. ગુજરાતમાં ચોમાસાએ આગમન કર્યા બાદ ૪૮ કલાકમાં સૌરાષ્ટ્રમાં પણ વરસાદ પડ્યો હતો પરંતુ ત્યાર પછી સમગ્ર ગુજરાતમાં વરસાદ આપતી અરબી સમુદ્ર પર સર્જાતી વરસાદી સિસ્ટમ ન સર્જાતા ગુજરાતમાં ચોમાસુ સક્રિય થવામાં વલિંબ થઈ રહ્યો હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે.

**અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ ન સર્જાતા ચોમાસુ મોડુ પડવાની પણ ચર્ચાઓ : ખેડૂતો ચિંતાતુર**

ગુજરાતમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત વિસ્તારમાં ચોમાસુ મોડુ શરૂ થવાની સંભાવનાને લઈ ખેડૂતોમાં ચિંતા પ્રવર્તી રહી છે.

ચર્ચામાં એક સૂર એવો પણ ઉઠી રહ્યો છે કે ૯મી જુને ૯. ગુજરાતમાં મેઘરાજાના આગમનના ૪૮ જ કલાકમાં સૌરાષ્ટ્રમાં ચોમાસાનું આગમન થઈ ગયુ હતુ. પરંતુ કોઈ મજબૂત વરસાદી સિસ્ટમ ગુજરાતમાં ખાસ કરીને અરબી સમુદ્રમાં સમયસર ન સર્જાતા નૈઋત્યનું ચોમાસુ આગળ વધી શક્યુ નથી. રાજ્યમાં સામાન્યતઃ ૧ થી ૧૪ દરમ્યાન ૨૫ મી.મી. જેટલો વરસાદ થવાને બદલે માત્ર ૧૨ મી.મી. જ વરસાદ નોંધાયો છે. આમ ૧૩ મી.મી. જેટલી વરસાદની ઘટ જોવા મળી રહી છે.

# વેક્સિનેશનના સ્લોટ બે-ત્રણ દિવસથી ખાલી રહેતા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાની રસી માટેના સ્લોટ છેલ્લા બે-ત્રણ દિવસથી ખાલી રહેતા હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

અગાઉ કોરોનાના પ્રતિકાર સામે વેક્સિનેશન એ જ વિકલ્પને લઈ સ્લોટ મેળવવામાં મુશ્કેલીઓ પડતી હતી પરંતુ છેલ્લા બે-ત્રણ દિવસથી સાંજના સ્લોટ ખાલી રહેતા હોવાનું બહાર આવવા પામ્યુ છે. બીજી લ્હેરનું સંક્રમણ ઘટતાં ૧૮ થી ૪૫ વર્ષની વયજૂથના યુવાનો પાછા બિન્દાસ થઈ ફરવા લાગ્યા છે અને વેક્સિનેશન માટે ઉતાવળ ના હોય તે રીતે ફરી રહ્યા છે. જો કે ત્રીજો વેવ આવવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કોરોના હજુ ગયો નથી અને સ્હેજ પણ અનદેખાપણુ એ ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે.

૧લી મે થી ૧૮ થી ૪૫ વર્ષના વયજૂથના લોકો માટે વેક્સિનેશન ઝુંબેશનો આરંભ થયો છે. મનપાએ ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનની ઝુંબેશ પણ કરી હતી. મળતી વિગતો પ્રમાણે આ વયજૂથમાં અત્યાર સુધીમાં ૧,૯૩,૧૧૪ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જયારે ૪૩,૯૫૯ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. શહેરમાં ૨,૩૭,૦૭૩ લોકોને અત્યાર સુધીમાં વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૮ થી ૪૪ વયજૂથમાં ૧,૨૮,૭૯૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ૬૦ થી ઉપરના વયજૂથમાં ૨૫,૯૫૮ લોકોને અને ૪૫ થી ૬૦ વયજૂથમાં ૩૮,૩૨૭ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી બપોર પછીના સ્લોટ ખાલી રહેતા હોવાથી વેક્સિનેશનની કામગીરી ધીમી પડી હોય તેવુ લાગી રહ્યું છે. શહેરમાં એક તબક્કે વેક્સિનેશનના સ્લોટ નહિ મળતા હોવાના અહેવાલો અખબારોના પાનાઓ પર ચમકયા હતા. કોવિનની સાઈટ ખુલતાની સાથે જ બંધ થઈ જતી હોવાની ફરિયાદો પણ ઉઠી હતી.

મનપાના તંત્રએ પણ વેક્સિનેશન અભિયાનને વધુ સઘન બનાવવા માટે ૨૦ જેટલા સેન્ટરો મંજૂર કરી અને અભિયાન વેગીલુ બનાવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

# શહેરમાં અંગ્રેજી-હિન્દી માધ્યમની એક પણ સરકારી શાળા નથી

## સે-૨૪ માં બોર્ડ લગાવાયા બાદ શિક્ષકો અને સ્ટાફના અભાવે ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન પણ શાળા શરૂ થઇ નથી : આમ આદમી પાર્ટીએ શાળા શરૂ કરવા માંગણી કરી

ગાંધીનગર તા ૧૫

શહેરમાં એક પણ સરકારી પ્રાથમિક શાળા અંગ્રેજી તેમજ હીન્દી માધ્યમની નથી જેના લીધે વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓમાં પ્રવેશ લેવાની ફરજ પડે છે. સે-૨૪ માં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવાનુ બોર્ડ લગાવાયુ હતુ. પરંતુ શિક્ષકો અને સ્ટાફની ભરતીના અભાવે શાળા શરૂ થઈ નથી. આમ આદમી પાર્ટીએ શહેરમાં અંગ્રેજી અને હીન્દી માધ્યમની સરકારી શાળા શરૂ કરવા માટે માંગણી કરી છે.

ગાંધીનગર શહેરની ગણના શૈક્ષણિક હબ તરીકે થાય છે. કે જી થી પીજીનુ શિક્ષણ પુરુ પાડતા શહેરમાં અનેક શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. બીજીતરફ હાલની સ્થિતિએ માધ્યમિક અને ઉચ્તર માધ્યમિક શાળાઓનુ હવે ખાનગીકરણ થઈ ગયુ છે. ત્યારે પ્રાથમિક શિક્ષણમાં પણ ઘણુ બધુ ખુટી રહ્યુ છે. શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં હીન્દી તેમજ અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવતુ નથી. અલબત્ત શહેરમાં એક પણ સરકારી પ્રાથમિક શાળા અંગ્રેજી તેમજ હીન્દી માધ્યમની નથી. જેના લીધે પરિવારજનોએ તેમના સંતાનોને ખાનગી શાળાઓમાં ભણાવાની

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં પોલીસ ચોકીનો અભાવ : હવે સીસી કેમરા પણ બંધ હાલતમાં

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી વર્ષોના અંતે પણ કાર્યરત થઇ નથી જયારે મોડેલ ડેપો બનાવાની વાત પણ હવા થઇ ગઇ છે. ત્યારે ડેપો સંકુલના સી સી કેમેરા પણ બંધ હાલતમાં હોવાથી મુસાફરોની સલામતી રામભરોસે છે. ડેપોમાં મુસાફરોને અનુલક્ષી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવા પણ અવારનવાર રજુઆત કરવામાં આવી રહી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી મામલે કોઈ પગલા લેવાતા નથી. અત્યાર સુધી મુસાફરોના ખિસ્સા કપાવાના અનેક કિસ્સા ધ્યાને આવ્યા છે. આમછતા ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવતી નથી. પાટનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં પોલીસ પહેરાના અભાવે તસ્કરો ગમે ત્યારે હાથ ફેરો કરી લે છે. જયારે ડેપોને મોડેલ બનાવાની યોજના પણ અભેરાઈ ચઢી ગઈ છે. ત્યારે ગાંધીનગર એસ ટી ડેપોની હાલત છેવાડાના ગામના બસ સ્ટેન્ડ જેવી છે.

બીજીતરફ ડેપો સંકુલમાં મુકવામાં આવેલા સી સી કેમેરાના પણ ઠેકાણા નથી. ડેપોમાં અવરજવર કરતા તમામ સામે વોચ રાખી શકાય તે માટે ડેપોમાં અગાઉ કેટલાક ઠેકાણે સી સી કેમેરા લગવાયા હતા પરંતુ યોગ્ય જાળવમણીના અભાવે સી સી કેમેરાનુ નેટવર્ક પણ ઠપ્પ થઈ જાય છે. ડેપો સંકુલમાં કેમેરા બંધ હોવાથી સલામતીનો મુદ્દો વધુ ગંભીર બન્યો હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના તો દુર પણ હાલ ડેપો સંકુલમાં સલામતીના પરિબળો ઉપલબ્ધ છે. તેની પણ યોગ્ય દરકાર લેવાતી ન હોવાનો આક્રોશ મુસાફરો ઠાલવી રહ્યા છે.



શહેરમાં વાવાઝોડા દરમિયાન સેંકડો વૃક્ષો જમીનદોસ્ત થયા હતા જયારે હાલમાં પણ સેકટરોમાં કેટલાક ઠેકાણે ધરાશાયી થયેલા વૃક્ષો નડતરરૂપ હોવાનુ ધ્યાને આવે છે. હજુ સુધી ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડિયા દુર કરાયા નથી ત્યારે ઘ-૨ થી ચ-૨ વચ્ચેના વોક વે પર નમી પડેલુ વૃક્ષ નાગરિકો માટે અડચણ રૂપ બનતા તેને ત્વરિત દુર કરવાનુ અનિવાર્ય છે

# રાજ્યમાં ૭૦ ટકા પાઠ્યપુસ્તકોનું વિતરણ પૂર્ણ

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ગઈ છે. એવામાં અનેક જિલ્લાઓમાં પાઠ્યપુસ્તકોની અછત હોવાનું સામે આવ્યું છે.આ બાબતે પાઠ્યપુસ્તક મંડળના નાયબ નિયામક કમલેશ પરમાર એ જણાવ્યું હતું કે ૭૦% પુસ્તકોનું કામકાજ પૂર્ણ થઈ ચૂક્યું છે, માત્ર ૩૦ ટકા પુસ્તક છાપની કામમાં છે.

રાજ્યની સરકાર શાળાઓમાં પુસ્તકો આપવામાં આવ્યાપાઠ્યપુસ્તક મંડળના નાયબ નિયામક કમલેશ પરમારએ વધુમાં જણાવ્યું હતું કે ધોરણ ૧ થી ૮ના પાઠ્યપુસ્તકોનું ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગઈ છે અને રાજ્યની શાળાઓમાં વિનામૂલ્યે પાઠ્યપુસ્તકનો વિતરણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. શાળાઓમાં વિતરણ વ્યવસ્થા ૭૦ ટકા પૂર્ણ પણ થઈ ગઈ છે. ધોરણ ૯ થી ૧૨ના સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા બ્રિજ કોર્ષ યોજના હેઠળના પાછળ પુસ્તકોનું વિતરણ પ્રક્રિયા હાલ ચાલુ છે.

# જિલ્લામાં આજે નવા ૮ કેસ ૧૭ દર્દીને ડિસ્ચાર્જ અપાયુ

## દહેગામ, કલોલ અને માણસામાં એક-એક કેસ નોંધાયો સે. ૭ માં બે કેસ સહિત કુલ પાંચ કેસ શહેરમાં નોંધાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૮ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર રહેતો હોવાથી તંત્રની ચિંતા અકબંધ રહેવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૩ અને ગાંધીનગર શહેરમાં ૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં એક ખેડૂત અને બે ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ, કલોલ અને માણસામાંથી એક-એક કેસ મળી આવેલ છે. દહેગામના સરગુડી ગામેથી એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકાના ગોલથરા ગામેથી એક કેસ મળી આવેલ છે. માણસાના બાપુપુરા ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૫૧૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૪૮૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં છુટાછવાયા કેસો અંતરિયાળ ગામોમાંથી મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા યથાવત્ રહેવા પામી છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવાની સૂચનાઓ જિલ્લાકક્ષાએથી આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ મળી આવ્યા છે. શહેરમાં હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્ર ચિંતાતુર જોવા મળી રહ્યુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૭ માંથી બે, તેમજ સે. ૨૭, ધોળાકુવા અને કુડાસણમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૬૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# કેજરીવાલે કોંગ્રેસ ધારાસભ્ય અમરીશ ડેરને આપમાં જોડાવા આમંત્રણ આપતા રાજકારણ ગરમાયું

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં સોમવારે અરવિંદ કેજરીવાલે આપના પ્રદેશ કાર્યાલયનો પ્રારંભ કરાવ્યો અને સ્થાનિક આગેવાનો સાથે મુલાકાત યોજયા બાદ દિલ્હી જઈને ગુજરાતના ધારાસભ્યને આપમાં જોડાવાનું આમંત્રણ આપતા રાજકારણ ગરમાયું છે.

મળતી વિગતો પ્રમાણે, દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ સોમવારે ગુજરાતની એક દિવસીય મુલાકાતે હતા. આ દરમિયાન તેમણે સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરી તો ગુજરાતના પત્રકાર ઈસુદાન ગઢવીને ખેસ પહેરાવીને પાર્ટીમાં આવકાર્યા. આ સાથે જ તેમણે પત્રકાર પરિષદ યોજીને ગુજરાત સરકાર પર પ્રહાર કર્યા અને કહ્યું કે, ગુજરાતના ખેડૂતો આપઘાત કરે છે અને જનતા પરેશાન છે.

કોંગ્રેસી ધારાસભ્યએ જણાવ્યું કે, ગુજરાત આવેલા અરવિંદ કેજરીવાલે દિલ્હી પહોંચ્યા બાદ કોલ કરીને રાજુલા રેલવે જમીન વિશે પણ વાત કરી હતી અને આપમાં જોડાવા માટે આમંત્રણ પણ આપ્યું હતું. આપના આમંત્રણ મુદ્દે વધુમાં તેમણે કહ્યું કે, હું આગળની રણનીતિ અંગે વિચારીશ, હાલ હું રેલવે સામે આંદોલન કરી રહ્યો છું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com